ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૭૯ ટકા

# બાપુ ઈન્સ્ટિ. ઓફ ટેક્નોલોજીના વિદ્યાર્થીઓ દ્વારા ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટનું આયોજન




ગાંધીનગર, તા.૨૦

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર અને ઈન્ફોરમેશન ટેકનોલોજી ના વિદ્યાર્થીઓએ ટોપ્સ ટેકનોલોજી અમદાવાદની વિઝીટ કરી હતી. આ વિઝિટનો મુખ્ય હેતુ વિધાર્થીઓને "રિએક્ટ જે.એસ" ઓપન સોર્સ વિષે માહિતગાર કરવા અને આધુનિક ટેકનોલોજીના સમયમાં નોલેજમાં વધારો કરવો અને વિદ્યાર્થીઓને ઓપન સોર્સ લાયબ્રેરી વિષે માહિતગાર કરવાનો હતો. આ વિઝિટના ઈન્ડસ્ટ્રીઅલ એક્સપર્ટ અતુલ જૈને વિધાર્થીઓને માર્ગદર્શન આપ્યું. તેમજ આ શ્રેષ્ઠ વિઝિટનું આયોજન કરવા બદલ સંસ્થાના કેમ્પસ ડિરેકટર પ્રો.રવિકુમાર તેમજ એન્જીનરીંગ વિભાગના પ્રિન્સિપાલ ડો.કિંજલ અધ્વર્યુએ કોમ્પ્યુટર અને ઈન્ફોરમેશન ટેકનોલોજી ડીપાર્ટમેન્ટના એચ.ઓ.ડી પ્રો.આકાશ મહેતા તેમજ ડીપાર્ટમેન્ટના અન્ય સ્ટાફ મેમ્બર્સની પ્રશંસા કરી હતી.

# વલાદમાં નિઃશુલ્ક મેડિકલ કેમ્પ



ગાંધીનગર, તા.૨૦

વલાદ ગામ ગાંધીનગર જિલ્લામાં આવેલું ત્યાં નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો હતો. આ સમગ્ર મેડિકલ કેમ્પ નું આયોજન અને કેમ્પ ની વ્યવસ્થા વલાદ વિકાસ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી હતી .આ મેડિકલ કેમ્પ માં આંખ,કાન નાક અને ગળાના ની તપાસ અને જરૂરી દવાઓ નિઃશુલ્ક આપવામાં આવી હતી જેમને આંખ ની તકલીફો હોય તેમને જરૂરી દવાઓ આંખ ના ટીમ ઝામર અને મોતીયો હોય તેમની તપાસ અને દવા નિઃશુલ્ક આપવામાં આવી હતી.જેમને આંખ ના નંબર હતા તેમને નંબર કાઢી ને ચશ્મા પણ ફ્રી આપવા માં આવ્યા હતા.ગ્રીન ક્રોસ લેબોરેટરી દ્વારા સગર્ભા સ્ત્રીઓ ની તપાસ કરવામાં આવી હતી તેમને જરૂરી વિટામિન્સ દવાઓ સંપૂર્ણ નિઃશુલ્ક આપવામાં આવી હતી અને તેમને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું વલાદ ગામ તેમજ ગાંધીનગર નજીક ના ધણા બધા લોકોએ આજે નિઃશુલ્ક કેમ્પ નો લાભ લીધો હતો આ વલાદ વિકાસ ફાઉન્ડેશન ના આયોજક સુનિલ ભાઈ શાહ નું કહેવું હતું કે શહેરમાં તો વારંવાર આવાં કેમ્પ થતાં હોય છે પણ ગામડામાં આવાં કેમ્પ યોજી અને સેવા આપે તેની ગામના લોકો ખુબજ સરાહના કરતાં હતાં.

# હરિ પ્રોપર્ટી ગ્રુપ દ્વારા જલારામ ગૌ માતા ગાંધીનગરને દાન પ્રાપ્ત થયું



ગૌ માતાની એક લીલા ઘાસની ગાડી બીમાર ગાયો માટે પાપડી તથા રોટલીને ગોળના શ્રી હરિ પ્રોપર્ટી ગ્રુપ દાન આવેલ છે. ગૌ માતા દાતાના પરિવાર દરેક મનોકામન પુરી કરે ગૌ માતાની અપાર કૃપા બની રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.



૧૫ મી ઓગસ્ટ નિમિત્તે બોરીજ પ્રાથમિક શાળા ખાતે લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરનો ધ્વજવંદન કાર્યક્રમ યોજાયેલ હતો. આ પ્રસંગે શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયેલ હતો સાથે જ લાયન્સ ક્લબના જોઈન્ટ સેક્રેટરી દ્વારા બાળકોને બિસ્કીટ તથા ચોકલેટ આપીને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવેલું હતું.

# રંગાંજલિ કલા પ્રદર્શન યોજાશે

"રંગાંજલિ" ગૃપ અમદાવાદ દ્વારા "રંગાંજલિ ૪" કલા પ્રદર્શન, તારીખ ૨૩ ઓગસ્ટથી ૨૭ ઓગસ્ટ સુધી હઠીસિંગ સેન્ટર, કે.એલ.કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ખાતે યોજાનાર છે. આ ગૃપમાં ૨૫ કરતા વધારે કલાકારો છે, જેમાંથી ૧૧ કલાકારો "રંગાંજલિ ૪" પ્રદર્શન માં ભાગ લઈ રહ્યા છે. ભાગ લેનાર કલાકારોમાં હીમા વોરા, હાર્દજ્ઞ વોરા, હાર્દી માવડિયા, જાગૃતિ આશરા, કલ્પેશ પરમાર, કુલદીપ પટેલ, નરેન્દ્ર ચૌહાણ(આયોજક) , નીલમ વ્યાસ, રિયા સહા, તનીશ્કા શાહ, અને વત્સલ વોરાનો સમાવેશ થાય છે. રંગાંજલિ ગ્રુપમાં ૪ થી ૫૦ વયજૂથના કલાકારો છે. આ પ્રદર્શન માટે ગેલરીનો સમય દરરોજ સાંજે ૪ થી ૮ રહેશે.

# વૈજનાથ મહાદેવ સે-૨૧ ખાતે આજે કૈલાશ પર્વતની પ્રતિકૃતિ દર્શન

ગાંધીનગર, તા.૨૦

તારીખ ૨૧-૮-૨૦૨૩ ને શ્રાવણ સુદ પાંચમને પ્રથમ સોમવારના રોજ શ્રી વૈજનાથ માલણેશ્વર મહાદેવ સેકટર ૨૧ ખાતે કૈલાશ પર્વતની પ્રતિકૃતિ નુ આયોજન કરેલ છે સમય સાંજે ૭:૦૦ થી ૧૧:૦૦ કલાક સુધી. તો સૌ ભક્તોને દર્શન નો લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

## આજે શિવ મહિમ્ન પાઠ

શ્રાવણ માસના સોમવારે અશોકભાઈ પંડ્યા, સેક્ટર-૬ના નિવાસ સ્થાને શિવ મહિમ્ન પાઠનું આયોજન કરાયું છે. જેનો ભાવિક ભક્તોને લાભ લેવા જણાવાયું છે.

# શહેરના સે-૧૬ના માર્ગ ઉપર રાત્રે ખાણીપીણીની લારીઓના કારણે ટ્રાફિકની સમસ્યા વકરી

ગાંધીનગર, તા.૨૦

પાટનગર ગાંધીનગરમાં ટ્રાફિકના નિયમન માટે અથાગ પ્રયત્નો કરવામાં આવી રહયા છે પરંતુ પોલીસને તેમાં ધારી સફળતા મળતી નથી. ગાંધીનગરની સમજુ અને શિક્ષિત પ્રજા ટ્રાફિકના નિયમો પાળવા માટે તૈયાર નથી તેવું દ્રશ્ય ઉભું થાય છે. તે પછી ટ્રાફિક સિગ્નલ ઉપર ડાબી બાજુ વળવા માટે લાઈન હંમેશા ચાલુ જ હોય છે પરંતુ પાટનગરવાસીઓ ઉતાવળના કારણે આ ડાબી જવાનો રસ્તો બંધ કરીને પોતાનું ટુ-વ્હીલર કે ફોર વ્હીલર રોડની ડાબી બાજુ લઈને ઉભા રહી જતાં જેમને ખરેખર ડાબી તરફ જવાનું છે તે વાહનચાલકોને સમસ્યાનો સામનો કરવાનો વારો આવે છે. આવી જ રીતે શહેરના ભીડભાડવાળા સેકટરોમાં શોપીંગ સેન્ટરોમાં પણ ટ્રાફિકના નિયમો નેવે મુકીને વાહનચાલકો આડેધડ વાહન પાર્ક કરીને પોતાની સગવડ સાચવે છે પરંતુ આનાથી બીજા વાહનચાલકો અને રાહદારીઓને પારાવાર મુશ્કેલી ભોગવવી પડે છે. આવી જ રીતે શહેરના સે-૧૬માં નવી સમસ્યા ટ્રાફિકને લઈને ઉભી થઈ છે. સે-૧૬માં આવેલ સિનેમાગૃહની સામે આવેલા જાહેર રોડ ઉપર ખાણીપીણીની લારીઓ સાંજના સમયે આવીને ગોઠવાઈ જતી હોવાથી મોડી રાત સુધી ભારે ટ્રાફિકના દ્રશ્યો સર્જાય છે. રોડ ઉપર વાહનો પાર્ક કરીને તે પછી કાર હોય કે ટુ વ્હીલર રોડ ઉપર બિન્દાસ્ત પાર્ક કરીને ખાણીપીણીની જયાફત માણતાં હોય છે.

ત્યારે અહીંથી પસાર થતાં અન્ય વાહનચાલકો આ રોડ ઉપર પાર્ક કરેલા વાહનોના કારણે અહીંથી પસાર થઈ શકતાં નથી. આ બાબતે ટ્રાફિક પોલીસ દ્વારા યોગ્ય કરવામાં આવે અને પોઈન્ટ મુકી કે અન્ય વ્યવસ્થા ગોઠવી સુચારુ ટ્રાફિક નિયમન થઈ શકે તેવા પ્રયત્નો કરવામાં આવે તે ઈચ્છનિય છે. ત્યારે ગાંધીનગરની શિક્ષિત પ્રજા પણ ટ્રાફિકના નિયમોને અનુસરે તે આવકાર્ય છે. માત્ર ટ્રાફિક પોલીસની જ જવાબદારી ટ્રાફિક સંભાળવાની નથી પરંતુ સુજ્ઞ નાગરિકો તરીકે આપણા સૌની પણ ફરજ છે કે ટ્રાફિક નિયમન માટે પોલીસને પુરતો સાથ સહકાર આપીયે.

## જન્મદિને વધામણી



રીટાબેન કેતનકુમાર પટેલ
ધારાસભ્યશ્રી, ગાંધીનગર ઉત્તર



તુષાર બારોટ
સિનિયર પત્રકાર
ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૮૭૯૪ ૮૨૨૩૬



હર્ષનંદિનીબા રવિરાજસિંહ ગોહિલ



પરી દીપકભાઈ પરમાર
મો. ૯૬૨૪૧ ૩૧૩૪૬



ભાવનાબેન વિશાલ મકવાણા
મો. ૮૭૩૫૮૭૧૦૪૦



ધ્યાન ઋષિકેશ અમીન
મો. ૯૪૨૭૩ ૩૭૦૦૭



હિતેન્દ્રસિંહ ડાભી
મો. ૯૮૨૫૮ ૯૨૧૮૬



કનુ સોલંકી
મો. ૯૯૯૮૦ ૪૫૦૧૭



જીઆન ચેતનકુમાર પારેખ
મો.૯૩૧૬૧ ૦૯૩૧૩



પૂર્વી રાણા



ડો. વિજયકુમાર ગઢવી
હેડ ઓફ ડીપાર્ટમેન્ટ,
સીઈએસએસઆઈટી, ભાટ



અભિષેક આચાર્ય



ઉત્તરા આર.દુલેરા



બળદેવસિંહ વી.ગોલ
મો.૯૪૨૮૪૦૫૫૧૯

# ન્યુ ગાંધીનગરનો ચહેરો બનેલા કુડાસણમાં કેટલીક સમસ્યાઓનો પણ વિકાસ..!!

## કુડાસણ વિસ્તારની સૌથી મોટી સમસ્યા પાર્કિંગ અને ટ્રાફિકજામ સાથે સિટી બસ સેવાના અભાવની : અનેક ઠેકાણે તૂટેલા રોડ-રસ્તા અને વરસાદી પાણીના ભરાવાની પણ સમસ્યા : શાક માર્કેટ કે જાહેર શૌચાલય સહિતની જરૂરી સુવિધાઓના અભાવ ઉપરાંત મેટ્રોપોલીટન કલચરના દુષણોના પગ પેસારો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં સમાવિષ્ટ જે નવો વિસ્તાર વિકસ્યો છે જે પહેલા શહેરી વિકાસ સત્તામંડળ "ગુડા" હસ્તક હતો અને તેને હવે મહાનગર પાલિકામાં સમવાઈ લેવાયો છે જે "ન્યુ ગાંધીનગર" તરીકે ઓળખાય છે, આ "ન્યુ ગાંધીનગર"ની પહેલી ઓળખ જે વિસ્તાર બન્યો હતો તે કુડાસણ ગામની સીમમાં ઈન્ફોસીટી પાછળનો વિસ્તાર છે જેનો ખુબ જ ઝડપથી વિકાસ થયો અને તે વિસ્તાર જ જાણે વિકાસનો ચહેરો બની ગયો છે. જોકે પદ્ધતિસરના આયોજન સાથે વિકસવાયેલા મૂળ પાટનગરની તર્જના બદલે અમદાવાદ જેવા મેટ્રો સિટીની તર્જ પર




વિકસેલા "મેટ્રોપોલીટન કલચર" કહી શકાય તેવી આભા ધરાવતા આ કુડાસણ વિસ્તારમાં આમ પહેલી નજરે તો બધું સોના જેવું સુંદર દેખાય છે પરંતુ આધુનિક ઢબે જેને સુવિધાયુક્ત વિસ્તાર તરીકે વિકસિત થઈ શકત તેના બદલે ક્યાંક કાચું કપાયું હોય જેના લીધે તે અન્ય ગીચ શહેરો જેવો બની ગયો હોય તેવો અનુભવ અત્યારે આ વિસ્તારના રહીશોને થઈ રહ્યો છે.

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સૌથી મોટી સમસ્યા જો કોઈ હોય તો તે ટ્રાફિકની સમસ્યા છે જે આ વિસ્તારની પહેલીવાર મુલાકાત લેનાર વ્યક્તિને પણ તુરંત જ સમજાઈ જાય તેવી છે. પાટનગર ગાંધીનગર તેની જે ખૂબી 'વિશાળ રસ્તા અને ઓછો ટ્રાફિક' માટે અમદાવાદ જેવા ગીચ શહેરી વિસ્તારથી ત્રસ્ત નાગરિકોને આકાર્ષી રહી હતી તે ખૂબી અહીં નવેસરથી વિકસેલો વિસ્તાર હોવા છતાં ગાયબ છે. ખાસ કરીને રિલાયન્સ ચોકડી તરીકે જાણીતા પંડિત દીનદયાળ ઉપાધ્યાય સર્કલથી કંસાર હોટેલ તરફના માર્ગે અને રક્ષાશક્તિ સર્કલ પાસેના જોગણીમાતાના મંદિરથી સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ તરફના સર્વિસ રોડ પર આ સમસ્યા માથાનો દુઃખાવો બની ચુકી છે. નવા બનાવાયેલા માર્ગો સાંકડા પડી રહ્યાં છે અને તેમાં આડેધડ પાર્કિંગ સહીત હંગામી

" કુડાસણના લગભગ બધા જ વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન નાખવામાં આવી છે, આ કાર્યને પગલે જમીન બેસી જવાની સમસ્યા સ્વાભાવિક રીતે સર્જાઈ રહી છે જેના કારણે ક્યાંક વરસાદી પાણીનો ભરાવો કે રોડ તૂટવાની સમસ્યા સર્જાઈ રહી છે જેને ચોમાસા પછી ઉકેલી દેવાશે તેવી તંત્ર સાથે વાત થઈ ચૂકી છે. આ વિસ્તારના કોમર્શિયલ કોમ્પ્લેક્સના વેપારી એસોસિએશનો જો વેલે પાર્કિંગની પદ્ધતિ અપનાવે તો પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યા ઉકેલાઈ શકે છે. આ વિસ્તારમાં સિટી બસ શરૂ કરાઈ હતી પરંતુ પૂરતા પેસેન્જર ના મળવાને કારણે બંધ થઈ જવા પામી છે. "

- વાસુદેવ પટેલ, પ્રમુખ, ન્યુ ગાંધીનગર વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ

દબાણોના કારણે પરિસ્થિતિ વધુ વણસી રહી છે જે "રશ અવર" દરમ્યાન નાગરિકો માટે જોખમી બની જાય છે જેમાં તાજેતરમાં જ કાનમ રેસીડેન્સી પાસે એક ચાર વર્ષના માસુમ બાળકનો અકસ્માતમાં ભોગ લેવાયો હતો. આવા ગીચ ટ્રાફિક ધરાવતા માર્ગો પર અનેક ઠેકાણે રોડ તૂટી જવાની અને અત્યારે વરસાદી માહોલમાં ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો થવાની સમસ્યા ઉદભવી છે જેના કારણે વધુ કફોડી હાલત સર્જાવા પામી છે. શહેરના અન્ય વિસ્તારોની જેમ કુડાસણ વિસ્તારમાં પણ ગટર, પાણી વગેરેની નવી પાઈપલાઈનો નાંખવામાં આવી છે પરંતુ અહીં પણ અપૂરતા માટી પુરાણને પગલે અનેક સ્થળે જમીન બેસી જવાથી રોડ રસ્તા તૂટી રહ્યાં છે અને પાણીનો ભરાવો પણ થઈ રહયો છે










"કુડાસણના અમુક વિસ્તારમાં આરસીસી રોડ અને અમુક વિસ્તારમાં ડામર રોડ બનાવ્યા છે, એવો ભેદભાવ ના હોવો જોઈએ. સમગ્ર કુડાસણ વિસ્તારમાં લારી ગલ્લા જેવા દબાણોને કારણે ખાસ કરીને સાંજના સમયે ટ્રાફિક બાબતે કફોડી સ્થિતિ સર્જાય છે અને સ્થાનિક નાગરિકોને પોતાનો મુખ્ય માર્ગ છોડીને ફરીને ઘરે જવુ પડે છે. શિવાલય ચોકડી સામે ગુડાની જગ્યામાં પાર્કિંગ વ્યવસ્થા વગર જ દુકાનો બાંધવાની મંજૂરી કેવી રીતે આપી દેવાઈ છે તે પ્રશ્ન છે, જ્યાં શૌચાલયની પણ વ્યવસ્થા નથી અને આ દુકાનો પાછળ પારાવાર ગંદકીના ઢગ ખડકાઈ રહ્યાં છે. "

- ધર્મેન્દ્રસિંહ કુંપાવત, સિનિયર પ્રેસ ફોટોગ્રાફર અને સ્થાનિક અગ્રણી

જેના કારણે માખી-મચ્છર જેવા જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધી જતાં જાહેર આરોગ્ય સામે જોખમ વર્તાઈ રહયું છે.

કુડાસણ વિસ્તારમાં શ્રમિકો, વિદ્યાર્થીઓ, નાના-મોટા નોકરિયાતો, વેપારીઓ સહિતના મધ્યમ વર્ગીય નાગરિકોની સંખ્યા વધી છે પરંતુ બીજી તરફ હજુ પણ આ વિસ્તારને જોડતાં એકલ-દોકલ સિટી બસના રૂટને બાદ કરતાં સિટી બસ સેવાના જાહેર પરિવહન સેવાને નામે મીંડુ જ છે. વળી, કુડાસણથી ગિફ્ટસિટી કે સચિવાલય સહિતના વિવિધ વિસ્તારમાં નોકરી કે મજુરી કામે જતાં કર્મચારીઓ કે શ્રમિકો અથવા વિવિધ શાળાઓ કે ક્લાસીસમાં અભ્યાસ કરવા જતાં વિદ્યાર્થીઓ અથવા ખાનગી કંપનીના કર્મચારીઓ કે નવા સરકારી નોકરિયાતોને રોજીંદા અપડાઉન માટે નાછુટકે રીક્ષા કે કેબ જેવા મોંઘા ખાનગી પરિવહનનો આશરો લેવો પડે છે અથવા તો પોતાના વાહનો વસાવવા પડે છે જે શહેરના ટ્રાફિકમાં પણ વધારો કરે છે સાથે સાથે પર્યાવરણના સંતુલન પર પણ અસર પંહોચાડે છે. વળી, આ વિસ્તારમાં થોકબંધ રીતે થઈ રહેલા નિર્માણ કાર્યોના પગલે ટ્રક, ટેમ્પો, ટેક્કર અને જેસીબી કે ક્રેઈન જેવા વાહનોની અવરજવર પણ રહે છે જે ગીચ ટ્રાફિકમાં ઘણીવાર ભારે અડચણરૂપ બની જાય છે, અધૂરામાં પૂરું રખડતા ઢોરની સમસ્યા તો જેમની તેમ જ ઉભી જ છે. આ સાથે વિસ્તારના કેટલાંક સાંકડા માર્ગો પર અનિયમિત ઊંચાઈ ધરાવતા સ્પીડબ્રેકર બમ્પ પણ વાહનચાલકો માટે પરેશાની સર્જી રહ્યાં છે. કુડાસણ વિસ્તાર આમ તો ભારે ઝાકમઝોળ સાથે વૈભવી નાઈટ લાઈફ ધરાવતા વિસ્તાર તરીકે લોકપ્રિય બન્યો છે

"કુડાસણમાં મોટી સમસ્યા એ છે કે સિટી બસની સુવિધા નથી. અહીં ક્યાંય જાહેર શૌચાલય નથી કે જાહેર સરકારી દવાખાનું પણ નથી. રિલાયન્સ ચોકડી ખાતે આવેલ કોમર્શિયલ કોમ્પલેક્ષના લીધે પાર્કિંગનો પ્રશ્ન સર્જાય છે, અનેક જગ્યાએ રોડ તૂટેલા છે જેને થીગડાં મારીને ચલાવાય છે પરંતુ રોડ નવા નથી બનાવાતા. પોસ્ટ ઓફિસ અને પોલીસ ચોકી પણ ખાનગી જગ્યામાં ચાલે છે જેને સરકારી જગ્યા ફાળવવી જોઈએ, અને ખાસ તો સેક્ટર-૨૧, ૨૪ કે ૭ની જેમ અહીં શાક માર્કેટ અને ટાઉન હોલ માટે જગ્યા ફાળવવી જોઈએ જેથી વારંવાર દબાણ શાખાને આવવું પડે છે એ આવવું ના પડે. કુડાસણમાં સરકારી યોજનાઓની માહિતી માટે તેમજ ટેક્સ બિલ ભરવા કે સુવિધાલક્ષી સમસ્યાઓની ફરિયાદ માટે એક સરકારી ઓફિસ હોવી જોઈએ."

મિતેષભાઈ રાવલ, - પ્રમુખ કુડાસણ બ્રહ્મસમાજ

અને અહીં અનેક જાણીતી રેસ્ટોરન્ટસ સાથે અત્યાધુનિક હોસ્પિટલો સહીત ખાનગી ઈન્ટરનેશનલ સ્કૂલ્સ જેવી સુવિધાઓ વિકસિત થઈ છે પરંતુ તે સાથે મેટ્રોપોલીટન કલચરના દુષણો પણ વધી રહ્યાં હોવાની ફરિયાદો ઉઠતી રહે છે. નોન-ગુજરાતી યુવાનોની મોટી સંખ્યા ધરાવતા આ વિસ્તારમાં નશાખોરી અને જૂથ અથડામણના કિસ્સા અવારનવાર ચમકતા રહે છે. થોડા સમય પહેલાં જ મોડી રાત્રીના સમયે એક ફૂડ સ્ટોલ પર કેટલાંક નબીરાઓ વચ્ચે સર્જાયેલી માથાકૂટ મર્ડર સુધી પહોંચી હતી. આ વિસ્તારમાં વધી રહેલા સ્પા અને મેસેજ સેન્ટરોમાં ક્યાંક "આડા" ધંધા પણ ચાલતા હોવાની દહેશત આ વિસ્તારના નાગરિકોમાં જોવા મળે છે. આવા દુષણોની સામે આ વિસ્તારમાં જેની ખરેખર જરૂર છે તેવી સુવિધાઓ જેવી કે યોગ્ય પાર્કિંગ વ્યવસ્થા સાથેનું શાક માર્કેટ, ટાઉન હોલ જેવો કોઈ કોમ્યુનિટી હોલ, જાહેર બાગ-બગીચા, જાહેર શૌચાલય, સરકારી પ્રાથમિક શાળા, જાહેર આરોગ્ય કેન્દ્ર, પોસ્ટ કચેરી વગેરેની સુવિધા ઉપરાંત જેમ શહેરના સેક્ટરોમાં તેમની સ્થાનિક સમસ્યાની રજુઆત માટે સુવિધા કચેરી ઉપલબ્ધ હોય છે તે રીતે આટલા મોટા વિસ્તારની સમસ્યાઓની રજૂઆત માટે "નાગરિક સુવિધા કચેરી" વિકસાવાય તો અહીંના નાગરિકોને દરેક નાની મોટી સમસ્યા માટે છેક મહાનગરપાલિકા કચેરી સુધી લાંબા થવું ના પડે.

પ્રતિભાવો આવકાર્ય : samirtlaod@gmail.com